# હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



દોસ્ત, જે રીતે તું રડે છે કકળે છે છતાં તારો પ્રેમ છોડી નથી શકતો, એવું જ મારે નોકરી માટે છે...!!

## વાત-વાતમાં.....

- શહેરમાં લગ્નગાળો ચાલી રહ્યો છે પરંતુ જો આપે લગ્ન પ્રસંગે યોજેલ ભોજન સમારંભમાં કોઈ અજાણી વ્યક્તિ ફરતી જણાય તો ચિંતા કરશો નહી. આ વ્યક્તિ કોઈ શિક્ષક હોઈ શકે છે જેને સરકાર દ્વારા અન્નનો બગાડ કેટલો થાય છે તે જાણવા જવાબદારી સોંપી હોય.
- ગાંધીનગરમાં દારૂની રેલમછેલ ચાલી રહી હોય તેવુ જણાય છે. જિલ્લામાં એલસીબી પોલીસ અને પેથાપુર પોલીસ દ્વારા વિવિધ ત્રણ સ્થળે રેડ કરી કુલ રૂ. ૨ લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂ ઝડપી લીધો છે.

# નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓ ઘટાડવાની હિલચાલ

## ગાંધીનગર જિલ્લાના ૭૦૦ કર્મચારીઓ પર અસર પડશે

રાજયમાં આરોગ્યની સેવાઓ છેવાડાના ગામડાના નાગરીક સુધી પહોંચે તે માટે આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ રાત-દિવસ કામ કરી રહ્યા છે. રાજયના નાગરીકોને નેશનલ હેલ્થ મિશન હેઠળ વિવિધ આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ છે. ત્યારે આ નેશનલ હેલ્થ મિશનમાં ફરજ બજાવતા વર્ગ-૧ થી એટેન્ડન્ટ સુધીના કર્મચારીઓ ઘટાડવાની સુચના મળ્યા બાદ રાજયમાં ૩૫ ટકાથી વધુ કર્મચારીઓના કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં નહી આવે તેવી વાત સાંભળવા મળી છે. જેને પગલે એનએચએમમાં વિવિધ પોસ્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓમાં નોકરી છુટી જવાનો ભય ઉભો થયો છે. રાજયમાં નેશનલ હેલ્થ મિશન હેઠળ ફરજ બજાવતા સાત હજાર કર્મચારીઓની છટણી થાય તેવી સંભાવના છે ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ ૭૦૦ કર્મચારીઓ પર તેની અસર પડશે. જયારે કર્મચારીઓને ૩૧ માર્ચ સુધીનું અલ્ટીમેટમ પણ આપી દીધુ હોવાનું આરોગ્યના અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ભારતભરમાં આરોગ્યની સેવાઓનો લાભ સામાન્ય નાગરીકને સરળતાથી મળી રહે તે માટે નેશનલ હેલ્થ મિશન કાર્યરત છે. આ મિશન હેઠળ આરોગ્યની લોકઉપયોગી કેટલીક યોજનાઓ પણ ચાલી રહી છે. ગુજરાતમાં પણ નાના બાળકથી લઈને વૃધ્ધ નાગરીક માટે આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ છે. ત્યારે નેશનલ હેલ્થ મિશન અંતર્ગત રાજયમાં ૧૯ હજાર જેટલા કર્મચારીઓ વિવિધ હોદ્દા અને વિભાગમાં ફરજ બજાવી રહ્યા છે. કેન્દ્ર સરકારની આ યોજનામાં કેન્દ્રના જ આરોગ્ય વિભાગે કર્મચારીઓનું ભારણ ઓછુ કરવાની સુચના આપી છે કેમ ? જેને પગલે હાલ ગુજરાતમાં કર્મચારીઓના કોન્ટ્રાકટ રીન્યુ કરવા કે નહી તે મોટો પ્રશ્ન સામે આવીને ઉભો છે. આરોગ્યના અંતરંગ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ મિશન હેઠળ ટેકનીકલ અને નોન ટેકનીકલમાં ૯૦ જેટલી જગ્યામાં વર્ગ- થી વર્ગ-૪ ના કર્મચારીઓ રાજયના દરેક શહેર-જિલ્લામાં અને ગામડામાં કામ કરી રહ્યા છે. ત્યારે આગામી એપ્રિલ મહિના થી ૩૫ ટકા જેટલા કર્મચારીઓના કોન્ટ્રાક રીન્યુ કરવામાં આવનાર નતી. જેની સીધી અસર આરોગ્યની સેવાઓ પર પડશે. તો બીજીબાજુ કર્મચારીઓના કોન્ટ્રાકટ રીન્યુ નહી થવાની વાતને લઈને ભારે તણાવની સ્થિતિ સર્જાઈ છે.કેટલાક કર્મચારીઓએ અન્ય સ્થળે નોકરી શોધવાનું શરુ કર્યુ છે. તો નેશનલ હેલ્થ મિશનની કચેરીનો સંપર્ક કરતા દરેક કર્મચારીઓનો કોન્ટ્રાકટ સાથે શરુ થાય અને સાથે જ પૂર્ણ થાય તે રીતે કોનટ્રાકટ સિસ્ટમ ગોઠવવાની હોવાને પગલે હાલ રીન્યુ નહી કરવાની વાતે વેગ પકડ્યો છે.જયારે એનએચએમ કચેરીના સુત્રો કર્મચારીઓની છટણી કરવાની વાતને સમર્થન આપતા નથી. પરંતુ નેશનલ હેલ્થ મિશન હેઠળ ફરજ બજાવતા રાજય ભરના કર્મચારીઓમાં એક પ્રકારનો ડર ચોક્કસ જોવા મળી રહ્યો છે.

# સરકારને સદ્‌બુદ્ધિ આવે તે માટે ટાટ ઉમેદવારોનો યજ્ઞ

## પોલીસે યજ્ઞ સામગ્રી જપ્ત કરી લેતા ઉમેદવારોએ રામધૂન બોલાવી વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું

ગાંધીનગરમાં ટાટ-૧ અને ટાટ-૨ના ઉમેદવારો દ્વારા વિદ્યાસહાયકોની ભરતી કરવાથી માંડીને વિવિધ પડતર માંગોને આયોજન કર્યુ હતુ પરંતુ પોલીસે યજ્ઞ સામગ્રી જપ્ત કરી લેતા ઉમેદવારોએ રામધૂન બોલાવી વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતું. આ કાયદા યજ્ઞવેદી સહિત તમામ સામગ્રી સાથે યજ્ઞના મહારાજે વૈદિક મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા પરંતુ પોલીસે યજ્ઞ સામગ્રી જપ્ત




અનુલક્ષીને દેખાવો કરવામાં આવી રહ્યાં છે. ગઈકાલે જૂના સચિવાલય ખાતે દેખાવો કર્યા બાદ આજે આ યુવાનોએ સત્યાગ્રહ છાવણી ખાતે વિરોધ પ્રદર્શન વ્યક્ત કર્યુ હતુ. આ પ્રસંગે ઉમેદવારોએ ''સરકારને સદ્‌બુદ્ધિ આવે'' તેવા હેતુથી યજ્ઞનું

ગાંધીનગરના સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે ટાટ ઉમેદવારોનું વિરોધ પ્રદર્શન આજે ચાલુ રહ્યુ હતુ. ટાટ-૧ અને ટાટ-૨ ના ઉમેદવારોએ સંયુક્ત રીતે વિરોધ ચાલુ રાખવા સાથે આજે સરકારને સદબુદ્ધિ માટે યજ્ઞનું આયોજન કરી

કરી યજ્ઞને અટકાવી દીધો હતો. આથી વિફરેલા ઉમેદવારોએ છેવટે રામધૂન બોલાવી પોતાનું વિરોધ પ્રદર્શન ચાલુ રાખ્યું હતુ. બીજી તરફ તેમણે મુખ્યમંત્રીને તેમની માંગો અંગે આવેદનપત્ર આપવાની પ્રક્રિયા હાથ ધરી હતી.



## ગાંધીનગરની વધુ એક દિકરીનું ભરત નાટ્યમ ક્ષેત્રે આરંગેત્રમ્

ગાંધીનગરની વધુ એક દિકરી કુ. ઋતુ મહેશભાઈ સુવાએ શિવશક્તિ વિષય આધારિત નરેશ, કૌત્વમ, અલ્લરીયુ, જતીસ્વરૂપ, શબ્દમ્, વર્ણમ્, પદમ્, કિર્તનમ્, શ્લોકમ્, તિલ્લાના અને મંગલમ્ જેવી કૃતિઓની અમદાવાદના ટાઉનહોલ ખાતે પ્રસ્તુતિ કરી આરંગેત્રમની રજુઆત કરી હતી. ઋતુ સુવાએ નૃત્ય એકેડેમી અંતર્ગત કલાગુરૂ હિનાલી રવીશ શેઠ પાસેથી નૃત્યની સાધના કરી ભરત નાટ્યમની તાલીમ મેળવી હતી. આરંગેત્રમ્ પ્રસંગે ગુજરાત રાજ્યના પ્લાનિંગ કમીશનના વાઈસ ચેરમેન નરહરિ અમીન, જાણીતા તબીબ ડૉ. જયદીપ વાઢેર અને ઉપલેટા આહિર સમાજના પ્રમુખ તથા અધ્યાપક પ્રો. પ્રવીણ ભેડા સહિત ગાંધીનગર-અમદાવાદના કલારસિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગરની જાણીતી સંસ્થા ''વિશેષ'' તેના ૪૦ બાળકોને આજે અંબાજીની યાત્રા સાથે પોળોના જંગલમાં ભ્રમણ કરાવ્યુ હતુ.
- ગાંધીનગર કલેકટર કચેરીમાં હવે પાર્કિંગની સમસ્યાને લઈ ખાસ બે સિક્યોરિટી જવાનને ફરજ સોંપી છે.
- આજે કેન્દ્ર સરકારમાં ફરજ બજાવતા એસ. શ્રીનિવાસન તેમજ ટુરીઝમ કોર્પોરેશનના મેને. ડિરેક્ટર જનુ દેવાન માધવપુર મેળા માટેના આયોજન અંગે માર્ગદર્શન આપવા કલેક્ટર ઓફિસના વિડીયો કોન્ફરન્સ હોલમાંથી ખાસ વી.સી. કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનના પ્રથમ દિવસે રાત્રિના સમયે પણ બે આરોગ્ય કેન્દ્રના કર્મયોગીઓએ ઘરે ઘરે જઈ રસીના ટીપાં પિવડાવતા ગાંધીનગર હેલ્થ ટીમ પર અભિનંદનની વર્ષા થઈ છે.
- ચ-૩ પાસે તેલનુ ટેન્કર પલ્ટી ખાઈ ગયાના એક માસ પછી પણ રોડ પર નંખાયેલી માટી ચોંટી ગઈ છે અને હજુ સતત દિવેલની વાસ ત્યાંથી પસાર થતાં આવે છે.

# કોબા-અડાલજ માર્ગ અકસ્માતમાં ઘાયલ વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર, તા.૨૧

કોબાથી અડાલજ માર્ગ પર અકસ્માતમાં ઘાયલ થયેલા સરદાર નગરની સિંધી કોલોની ખાતે રહેતા કેશવલાલ અસરાની (ઉં.વ.૬૦)નું સારવાર દરમિયાન મૃત્યું નિપજયું છે.કેશવલાલ અસરાની ગોળી-બિસ્કીટનું વિતરણ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તાજેતરમાં તેઓ ગોળી-બિસ્કીટની ફેરી કરવા માટે ઘરેથી નીકળ્યા હતા,ત્યારે કોબા સર્કલથી અડાલજ તરફના માર્ગ પર વાગોળા તળાવ પાસે પહોંચ્યા હતા તે સમયે એક કાર ચાલકે મોપેડને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે દોડી આવેલા નાગરીકોએ ઘાયલ વડીલના ફોન પરથી તેમના પુત્રને ફોન કરીને અકસ્માત અંગે જાણ કરી હતી. જેને પગલે વડીલના પુત્ર કમલભાઈ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તે સમયે અકસ્માત સર્જનાર જી.જે.૦૧. બી.પી.-૪૭૦૫ નંબરની કાર ઉભી હતી. તેઓ દવાખાને પહોંચ્યા ત્યારે ઘાયલ પિતાએ જણાવ્યું હતું કે સફેદ રંગની કારે પાછળથી ટક્કર મારી હતી અકસ્માતને પગલે ઈજાગ્રસ્ત વડીલને પહેલા ગાંધીનગર સિવિલ ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ અને બાદમાં એસવીપી હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા.જયાં સોમવારના રોજ તબીબે વડીલને મૃત જાહેર કર્યા હતા.જેથી બનાવ અંગે મૃતકના પુત્રની ફરીયાદ લઈ અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લા યોગ કોચ તરીકે કાનજીભાઈ બાવરીની નિમણૂંક

## જિલ્લામાં યોગ ટ્રેનર બનવા માટે જિલ્લા યોગ કોચ પાસેથી તાલીમ લેવાની રહેશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા યોગ કોચ તરીકે પાટનગરના અનુભવી યોગાચાર્ય કાનજીભાઈ બાવરીની



નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલા યોગ બોર્ડ દ્વારા રાજયના દરેક જિલ્લા દીઠ યોગ કોચની કરાયેલી નિમણુંકો અંતર્ગત આ નિમણૂંક કરવામાં આવી છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણા અને માર્ગદર્શન અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. સરકારનો સંકલ્પ યોગ અને તેનુ મહત્વ ઘર-ઘર અને જન-જન સુધી પહોંચે તે માટેનું છે જે અંતર્ગત યોગ બોર્ડ દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓ માટે યોગ કોચની નિમણૂંકો કરવામાં આવી છે જિલ્લા યોગ કોચ જિલ્લામાંથી યોગ ટ્રેનરોને ટ્રેનિંગ આપશે અને નિર્ધારિત ૫૫ કલાકની ટ્રેનિંગ બાદ યોગ ટ્રેનરો પોતાના શહેર, ગામ કે વિસ્તારમાં યોગની તાલીમ આપી શકશે. જે યોગ ટ્રેનર પોતાના વિસ્તારમાં ૨૫ થી વધુ સંખ્યામાં નિયમિત યોગ ક્લાસ કરશે તેને સરકાર દ્વારા માસિક રૂ. ૩ હજાર આપવામાં આવશે. આ ઉપરાંત નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સપ્તાહમાં બે દિવસ યોગ પ્રશિક્ષણ આપશે તો વધારાના રૂ. અઢી હજાર મળશે. આમ યોગ ટ્રેનર માસિક રૂ. ૫,૫૦૦ મેળવી શકશે. ગાંધીનગર જિલ્લામાં યોગ ટ્રનર બનવા માટે જિલ્લા યોગ કોચ કાનજીભાઈ બાવરીનોમો. નં. ૯૮૨૪૬૪૪૩૧૪ પર સંપર્ક સાધી શકાશે.



ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સાદરામાં તા. ૨૭-૧૨-૧૯ થી ૯-૧-૨૦ સુધી નવા નિમણુંક થયેલ તલાટી કમ મંત્રીના ઓપવર્ગના સમાપન કાર્યક્રમ તા. ૯-૧-૨૦ને ગુરૂવારના રોજ થયો હતો. જેમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, સાદરાના સંયોજક રમેશભાઈ પટેલ, સંત મહાત્મા સ્મૃતિ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ પટેલ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર, સાદરાના ઈન્ચાર્જ આચાર્ય ભરતભાઈ પટેલ તથા સમગ્ર સેવકગણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમાપન કાર્યક્રમમાં પંચાયતમંત્રીઓએ વિનોબા ૧૨૫ જન્મજયંતિના ભાગરૂપે ગ્રામ પંચાયત કચેરીઓમાં વિનોબાની તસવીર લગાવવાનો નિર્ધાર કર્યો હતો.

# પ્રાંતિયા સેવા સહકારી મંડળીના પૂર્વ સેક્રેટરી સામે ૯૬ લાખની નાણાકીય ગેરરીતીની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામની ધી પ્રાંતિયા સેવા સહકારી મંડળીના પૂર્વ સેક્રેટરી સામે રૂ.૯૬,૫૫,૨૮૭ રૂપીયાની નાણાકીય ગેરરીતીની ફરીયાદ થવા પામી છે. મંડળીના ચેરમેન પૂર્વ સેક્રેટરી સામે નાણા મંડળીમાં જમા નહી કરાવીને મંડળી સાથે છેંતરપિંડી કરી હોવાની ફરીયાદ નોંધાઈ છે.

ગાંધીનગર ચિલોડા પાસે આવેલા પ્રાંતિયા ખાતે રહેતા વિજયભાઈ રાવજીભાઈ પટેલ વર્ષ ૨૦૧૫ થી ધી પ્રાંતિયા સેવા સહકારી મંડળી, લી.ના ચેરમેન તરીકે સેવા આપે છે.૧૯૬૦ થી નોંધાયેલી મંડળીમાં અગાઉ આલમપુર ના જીતેન્દ્રભાઈ નાથાલાલ પટેલ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા હતા. વર્ષ ૨૦૧૪ થી ૧૭ નું ઓડીટ ઓડીટરે ૨૦૧૮માં કર્યું હતું. જેમાં ૯૫,૫૫,૨૮૭ રૂપીયા મંડળીના સેક્રેટરીએ અંગત કામે ખર્ચ કર્યા હતો. જે પૈકી ૬૮.૧૦.૬૧૬ રૂપીયા સેક્રેટરીએ જે તે ખેડુત સભ્યના ખાતે જમા કરાવતા રૂ.૨૮,૪૪,૬૭૧ વસુલ કરવાના બાકી હોવાનો રિપોર્ટ આપ્યો હતો. ત્યારે ચેરમેને કરેલા આક્ષેપ મુજબ સેક્રેટરી જિતેન્દ્ર પટેલે આજદિન સુધી નાણા મંડળીમાં જમા કરાવ્યા નથી. ત્યારે રૂ.૯૬.૫૫ લાખની ગેરરીતી રીપોર્ટના પગલે જિલ્લા રજીસ્ટ્રારે ફરીયાદ નોંધવા હુકમ કર્યો છે. જેને પગલે ચેરમેન પૂર્વ સેક્રેટરી સામે રૂ.૯૬,૫૫,૨૮૭ લાખની નાણાકીય ગેરરીતીની ફરીયાદ નોંધાવતા ડભોડા પોલીસ મથકે વિશ્વાસઘાત-છેંતરપિંડીની ફરીયાદ નોંધાતા પોલીસે તપાસનો પ્રારંભ કર્યો છે.

# આઈઆઈટીઈ ખાતે આગામી સત્રથી બે નવા અભ્યાસક્રમ શરૂ થશે

**ગુજરાતમાં સૌ પ્રથમ શિક્ષક-પ્રશિક્ષક બનવા માટેનો કોર્સ જે ત્રણ વર્ષનો એજ્યુકેશનમાં બેચલર અને માસ્ટર ડિગ્રી આપશે : આ કોર્સ માટે ૫૦ બેઠકો ઉપલબ્ધ થશે : માનસિક દિવ્યાંગ બાળકોના શિક્ષક બનવા માટેનો કોર્સ પણ આરસીઆઈની માન્યતા પ્રાપ્ત થતાં શરૂ કરાશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતે સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન દ્વારા ત્રણ વર્ષના સમયગાળા માટે એનસીટીઈ માન્ય ગુજરાતનો સૌ પ્રથમ બીએડ એમએડ કોર્સ આગામી સત્રથી શરૂ કરવામાં આવશે જે ત્રણ વર્ષમાં એજ્યુકેશન વિષયમાં બેચલર અને માસ્ટર ડિગ્રી આપશે. આ અભ્યાસક્રમમાં કોઈપણ વિદ્યાશાખામાં માસ્ટર ડિગ્રીમાં ૫૫ ટકાથી વધુ માર્ક્સ મેળવ્યા બાદ પ્રવેશ મેળવી શકાશે. જે પૂર્ણ કર્યા બાદ એજ્યુકેશન પોલીસી એનાલિસ્ટ, સ્કૂલ પ્રિન્સિપાલ, કરીક્યુલમ પ્લાનર એન્ડ એડમિનીસ્ટ્રેટર ઉપરાંત બીએડ-કોલેજમાં અધ્યાપક જેવી વૈવિધ્યપૂર્ણ કારકિર્દી બનાવી શકાશે. આ સાથે આઈઆઈટીઈમાં સ્પેશ્યલ એજ્યુકેશન માટે પણ ખાસ અભ્યાસક્રમ બીએસસી બીએડ-બીએબીએડને શરૂ કરવા પ્રક્રિયા હાથ ધરી દેવાઈ છે જે પણ આવતા સત્રથી શરૂ થઈ શકે તેવી શક્યતા છે.

આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશનના ડાયરેક્ટર-પ્રિન્સિપાલ ડૉ. કલ્પેશ પાઠકે જણાવ્યુ હતુ કે સંસ્થામાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧થી શિક્ષક-પ્રશિક્ષક બનવા માટે ત્રણ



વર્ષના સમયગાળાના ઈન્ટિગ્રેટેડ બીએડ-એમએડ કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે આ કોર્સમાં કોઈપણ વિદ્યાશાખામાં ૫૫ ટકાથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. આ એક પ્રોફેશ્નલ ડિગ્રી છે જેની હાલ શિક્ષણ જગતમાં ખૂબ જરૂરિયાત છે, જેના થકી વૈવિધ્યપૂર્ણ કારકિર્દી ઘડતરની તકો રહેલી છે. તો આ કોર્સના કારણે આઈઆઈટીઈએ શિક્ષકો જ નહી બીએડ કોલેજના અધ્યાપકો તૈયાર કરી શકશે. આ એક એવો ઈન્ટિગ્રેટેડ કોર્સ છે જેની ત્રણ વર્ષની મુદતના કારણે વિદ્યાર્થીઓનું એક વર્ષ બચે છે. આ કોર્સ માટે ૫૦ બેઠકો ઉપલબ્ધ બનશે અને આ કોર્સને એનસીટીઈ દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ ચુકી છે.

આ ઉપરાંત આઈઆઈટી ખાતે માનસિક દિવ્યાંગ બાળકોને તાલીમ આપતા શિક્ષકો તૈયાર કરવા માટે ખાસ બીએસસી બીએડ-બીએબીએડ ઈન સ્પેશિયલ એજ્યુકેશન કોર્સ પણ શરૂ કરવા રિહેબિલેશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સમક્ષ દરખાસ્ત મુકી દેવામાં આવી છે. માનસિક દિવ્યાંગ બાળકોને શિક્ષણ કે તાલીમ આપવા માટે આરસીઆઈ માન્યતા અત્યંત જરૂરી હોય છે અને આઈઆઈટીઈના આ સ્પેશઅયિલ કોર્સને આરસીઆઈની માન્યતા મળી જશે તો આગામી સત્રથી તે અભ્યાસક્રમ પણ ગાંધીનગર ખાતે શરૂ થઈ જશે.

**સુપોષિત ગુજરાતના નિર્માણ માટે ગુજરાત પોષણ અભિયાનનો**

# ૨૩મીએ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દાહોદથી શુભારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ''સહી પોષણ-દેશ રોશન'' આહવાનને મૂર્તિમંત કરવા રાજ્ય સરકાર દ્વારા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨નો શુભારંભ કરવામાં આવનાર છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આગામી ૨૩મી જાન્યુઆરી ૨૦૨૦ને ગુરૂવારના રોજ દાહોદ ખાતેથી આ અભિયાનનો રાજ્યવ્યાપી શુભાંરંભ કરાવશે.

નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ દાહોદ ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર આ સમારોહમાં આદિજાતિ વિકાસ, વન,મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ગણપતસિંહ વસાવા, મહિલા અને બાળ કલ્યાણ રાજયમંત્રી બચુભાઈ ખાબડ, સાંસદ જશવંતસિંહ ભાભોર સહિત ધારાસભ્યો ઉપસ્થિત રહેશે.

રાજયના બાળકો, કિશોરીઓ અને સગર્ભા ધાત્રી માતાઓના પોષણસ્તરને સુધારીને ''સુપોષિત ગુજરાત''ના સંકલ્પને ચરિતાર્થ કરવાના આશયથી યોજાનારા આ રાજયવ્યાપી અભિયાનમાં સહભાગી થવા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતી રવિ અને મહિલા-બાળ વિભાગના સચિવ-કમિશનર મનીષા ચંદ્રા દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

# જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી દહેગામ ખાતે કરાશે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ સવારના ૯ કલાકે મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, મ્યુનિસિપલ બોયઝ અને ગર્લ્સ હાઈસ્કુલની પાછળ, દહેગામ ખાતે કરવામાં આવનાર છે. જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સુચારું આયોજન અર્થે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને દહેગામ ખાતે બેઠક યોજાઈ હતી.

બેઠકના આરંભે જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવશે. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે દહેગામ શહેરની ટ્રાફિક સુવિધા, ગ્રાઉન્ડ પર બાળકો અને મહાનુભાવો તથા જાહેર જનતા માટેની બેઠક વ્યવસ્થા, પાણી અને અન્ય સુવિધાઓ અંગેની માહિતી સંબંધિત અધિકારી પાસેથી મેળવી હતી.

રાષ્ટ્રીય પર્વની ઉજવણી નિમિત્તે પોલીસ જવાનો, હોમગાર્ડના જવાન, એન.સી.સી.ના વિદ્યાર્થીઓ અને સ્કાઉડ ગાઈડ દ્વારા પરેડ રજૂ કરવામાં આવશે. તેમજ જિલ્લાની વિવિધ શાળાના બાળકો દ્વારા દેશ ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવશે. તેની સાથે સાથે વિવિધ વિભાગના દ્વારા તૈયાર કરાયેલ ટેબ્લોનું પ્રદર્શન, વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મયોગીઓનું સન્માન કરવામાં આવશે.

દહેગામ નગરમાં રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સરકારી કચેરીઓ તેમજ જાહેર મિલ્કતોને રોશનીથી સુશોભિત કરવામાં આવશે. ધ્વજવંદન પૂર્વ વહેલી સવારે વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રભારતફેરી કરી સ્થળ પર ઉપસ્થિત થશે.

આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એચ.એમ. જાડેજા, પ્રાંત અધિકારી એસ.એમ. ભોરણિયા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.




## ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સ્વામી વિવેકાનંદ યુવા સપ્તાહની ઉજવણી

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મ.દે. ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે સ્વામી વિવેકાનંદ યુવા સપ્તાહ ઉજવણીનું આયોજન સાદરાના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ જેમાં વ્યાખ્યાન, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, પુસ્તક પ્રદર્શન, ગીત ગુંજન જેવી પ્રવૃત્તિઓ યોજાઈ હતી. યુવા સપ્તાહની ઉજવણી સંદર્ભ જેનુ ઉદ્‌ઘાટન વિનોદચંદ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. તેઓએ સ્વામી વિવેકાનંદની દષ્ટિએ યુવાનો વિષય ઉપર પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું.